# “ અદબ સે હી ઈન્સાન પાયા કમાલ ”
# -: મજલીસી આદાબ :-

મોહર્રમુલ હરામના પહેલા દસકાના અય્યામ એહલે ઈમાન વાસ્તે ગૈર મામુલી અને મરકઝી એહમીય્યત રાખે છે. આ દસ અય્યામમાં એહલેબૈતની હયાતે તૈયબાહ અને સીરતે તાહેરા થી મુમેનીન સબક આમોઝ થાય, નસીહત અને ઈબરત ના મોતીઓને પોતાના દામનમાં ભરે અને દયાનતદારી, દીનદારી અને હક પરસ્તીથી પોતાની ઝિન્દગી ગુઝારે અને અલ્લાહના એહકામ પર અમલ કરી તેના ઔલિયાની સુન્નતો પર ચાલી પોતાના આઅમાલનામાને સંવારે અને ઝિનતદાર કરે તે વાસ્તે સાહબે દાઅવત મજલિસ આરાસ્તા કરે છે. શહાદતે ઈમામ હુસૈન (અ.સ.) અને આપના ફઝાઈલ અને મનાકીબ ને સાથે અપની તારીખ, અપના અકીદા, અપના રસ્મો રિવાજ, અપનો ફીકાહ, હલાલો હરામ, કુરઆની તાઅલીમાત, જમાઅતમાં બિદઅત અને ખરાબી અને તેને મિટાવવાની તન્બીહ અને અમલે સાલેહ વાસ્તે રગબત આ તમામ ચીઝના બયાનાત આ દસ ઐયામોના દૌરાન મુમેનીનની હિદાયત અને બેહતરી વાસ્તે કરવામાં આવે છે.

ઈલ્મ પાનીની મિસલ છે, પ્યાસ જે વક્ત લાગે છે તો જીસ્મને પાનીની તલબ હોય છે, તે મુજબ રૂહની પ્યાસ ઈલ્મથી બુઝાય છે. જે મુજબ પાની બગૈર જીસ્મનું વુજુદ ના મુમકીન છે તે મુજબ ઈલ્મ બગૈર રૂહ ઝિન્દા રહી શકતી નથી. જીસ્મની તાકત અને કુવ્વત તેના ખોરાકથી છે અને રૂહની તાઝગી અને પાકીઝગી તેના ઈલ્મથી છે. તમામ પાની કરતા વરસાદનું પાની પાક અને સાફ હોય છે અને તમામ ઉલુમમાં ઈલ્મે એહલે બૈત (અ.સ.) તૈયબો તાહીર હોય છે. તો હકનો મુમીન તે છે કે જે હકના સાહબની મજલીસમાં, હકનું ઈલ્મ હાંસિલ કરવા શરીક થાય. એહલે બૈત (અ.સ.) નું ઈલ્મ જો તેના સિનામાં હશે તો મૌત બાદ તે ઈલ્મના સબબ તેની રૂહ પાકો સાફ હશે અને પોતાના રબને નઝદીક તેનો આઅલા અને બલન્દ મકામ હશે.

રસુલે અકરમ (સ.અ.વ.વ.) યે ફરમાયું કે તીન ચીઝ મુમીનના મૌત બાદ તેને સાથે રેહશે.

(૧) સદકા

(૨) ઔલાદની તેના વાસ્તે દુઆએ મગફેરત અને

(૩) એહલે બૈત (અ.સ.) નું ઈલ્મ.

તે સબબથી મુમીન પર વાજીબ છે કે એહલેબૈત (અ.સ.) ની મજલિસથી રૂગરદાની ન કરે મગર તેમાં શરીક થાય અને અલ્લાહના નેક અને પસન્દીદા બંદા માં થી બને.

**મેહફીલી/મજલીસી આદાબ આ મુજબ છે :**

૧) મજલિસમાં વક્ત પર હાઝિર થાય.

૨) મજલિસના જે સદર હોય, સાહબે તખત હોય તે સાહબને તસ્લીમ કરીને, બેસવાની રઝા તલબ કરીને, અદબથી ઉંધા પગ વાલીને બેસે.

૩) ઈલ્મ હાંસિલ કરવાની પહેલી શરત ચૂપ રહેવું છે અને બીજી શરત તેને સાંભલવું અને દિલમાં ઉતારવું છે.

૪) દુનિયાની વાતો કરવાથી પરહેઝ કરે. ગીબત કરે નહીં.

૫) બયાન ઈખ્તેતામ થાય તો બયાન કરનારની હોંસલા અફઝાઈ વાસ્તે તાઅરીફના કલામ બોલે.

૬) કોઈ ચીઝ ખાય નહીં.

૭) કોઈ ઝરૂરી હાજીત બગૈર બયાનને દરમિયાન થી ઉઠે નહીં.

૮) બયાન પુરૂં થાય તો એહલેબૈત (અ.સ.) ની સલવાત પઢી સાહબે મજલિસને સલામ કરી આહિસ્તાથી અદબ સાથે ઘર તરફ જાય. ★